**સુવિચાર**

''પર્વત ઉપાડીને ચાલવાની કોશિષ કરવાથી સફળ થવાતું નથી. એ પર્વતને ઓળંગવાનો પ્રયત્ન કરવાથી સફળ થવાય છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૯/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ ભાદરવા સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૨૩૨





## માળીલા જેવા નાના ગામમાં જન્મીને દુનિયાભરમાં દેશનું નામ રોશન કર્યુ

# અમરેલીનાં સહકારી અગ્રણી દિલીપ સંઘાણીએ વિદેશમાં ડંકો વગાડયો

**પનામા ખાતે ICAનાં ગ્લોબલ બોર્ડમાં વિદેશી હરિફ ઉમેદવારોને પરાજય આપીને ડાયરેકટર પદ પ્રાપ્ત કર્યુ**

**કેનેડા, બ્રાઝિલ બાદ ભારત દેશ તરફથી ત્રીજા ક્રમાંકે વિજેતા જાહેર થયા**

**ઈટાલી, ચાઈના અને જાપાન જેવા દેશનાં પ્રતિનિધિ કરતાં વધારે મત મેળવ્યા**

**અમરેલી જિલ્લો, ગુજરાત, ભારત અને હવે વિદેશની સંસ્થામાં મહત્વનું પદ મેળવતાં શુભેચ્છકો ખૂશીથી ઝુમી ઉઠયા : આતશબાજી કરાઈ**




અમરેલી, તા. ૧૬
પનામા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રિય કો.-ઓપરેટીવ એલાઈન્સ (ICA) ના ગ્લોબલ બોર્ડ ઓફ ડીરેકટરની ચૂંટણીમાં ગુજકોમાસોલ-ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી પ્રચંડ બહુમત સાથે ચૂંટાઈ આવતા આજરોજ અમરેલી ખાતે ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને આગેવાનો ધ્વારા ફુલહાર કરીને ડો. જીવરાજ મહેતા ચોક ખાતે ભવ્ય આતશબાજી સાથે મોં મીઠા કરીને વિજયોત્સવ મનાવવામા આવેલ હતો.

આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, દિપકભાઈ માલાણી, મયુરભાઈ માંજરીયા, ડો. આર.એસ. પટેલ, બી.એસ. કોઠીયા, કાંતિભાઈ વઘાસીયા, ધાર્મિકભાઈ રામાણી, પ્રવિણભાઈ માંગરોળીયા, દેવચંદભાઈ માંગરોળીયા, તુષારભાઈ જોષી, હસમુખભાઈ દુધાત, જીજ્ઞેશભાઈ રામાણી, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, રેખાબેન માવદીયા, અલ્કાબેન દેસાઈ, રેખાબેન કાકડીયા, રંજનબેન ડાભી, જસુબેન સાકળીયા, ચંદુભાઈ રામાણી, કાળુભાઈ પાનસુરીયા, મધુભાઈ ચાવડા, નિલેષભાઈ ધાધલ, વિજયભાઈ ડાંગર, ભાર્ગવભાઈ ત્રિવેદી, કાળુભાઈ રામાણી સહિત મોટી સંખ્યામાં સહકારી-રાજકીય-સામાજીક અગ્રણીઓ વિજયોત્સવમા ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.






# ડિજિટલ અને કેશલેસ ભારતનું સ્વપ્ન રોળાયુ, વધતી મોંઘવારીએ સૌના ખિસ્સામાં લગાડી આગ : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૬
૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬નો દિવસ દેશના ઈતિહાસમાં કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ''ડિજિટલ યુ-ટર્ન'' અને ''દેશના નાગરિકો સાથે છેતરપિંડી અને વિસઘાતના દિવસ'' તરીકે યાદ રાખવામાં આવશે. કારણ કે આ દિવસે તેમણે રૂા. ૨૦૦૦થી વધુ મૂલ્યના યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પર


**અનુસંધાન પાના ૬ ઉપર**








## પાલિકાનાં શાસકો યુધ્ધનાં ધોરણે સફાઈકાર્ય કરે તેવી માંગ

# સાવરકુંડલામાં ''લોકમેળા'' બાદ મેદાનની સફાઈ કરવાનું ભૂલી જવાયુ

**હજારો નાગરિકોએ જન્માષ્ટમીએ મેળાની મોજ માણી હોય હવે તંત્ર પોતાની ફરજ નિભાવે**

**શહેરમાં રોગચાળાનો માહોલ ઉભો થાય તે પહેલા સ્વચ્છતાનું કાર્ય કરવું જોઈએ**

**જનતા જનાર્દન સરકારને એટલે જ કરવેરો ભરે છે કે શાસક તરફથી સુવિધા મળે**

**વિપક્ષી નગરસેવકો નિષ્ક્રીય હોવાથી શહેરીજનોને સફાઈની માંગ કરવી પડી રહી છે**







સાવરકુંડલા, તા. ૧૬

લોકોએ અત્યંત ઉમંગ અને ઉત્સાહ સાથે મેળાની રંગત માણી. ખાણી–પીણીની ચટાકેદાર વાનગીઓ, વિવિધ આકર્ષક રાઈડસ, જલપરી અને મોતનો કૂવો જેવા રોમાંચક ખેલની મજા માણવા હજારો લોકો ઉમટી પડયા હતા. આ સાથે જ કટલેરી, રમકડાં અને હોઝિયરીના સ્ટોલમાં પણ ભારે ખરીદી જોવા મળી હતી. થોડી–ઘણી નોકઝોંક અને યુવાન હૈયાઓના ઉલ્લાસ વચ્ચે મેળો સમુસૂતરો પાર પડયો, જેનાથી અનેક નાના વેપારીઓને રોજગારી મળી હતી.

હવે મેળો પૂર્ણ થતાં જ વેપારીઓ પોતાના ગંતવ્ય સ્થાને રવાના થઈ ગયા છે, પરંતુ કોલેજનું વિશાળ મેદાન એકદમ સુનું અને કચરાથી ખદબદતું થઈ ગયું. મેદાનમાં ચારેય તરફ પ્લાસ્ટિક અને અન્ય કચરો વેરાયેલો પડયો છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે શહેરના બુદ્ધિજીવીઓમાં એક જ યક્ષ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે: 'આ ગ્રાઉન્ડ સાફ કરવાની આખરી ફરજ કોની ? નગરપાલિકાની ?, કોલેજ ગ્રાઉન્ડ ધરાવતા ટ્રસ્ટની ?, મેળો આયોજિત કરનાર આયોજકોની ?, મંજૂરી આપનાર તંત્રની ?, રોજગાર મેળવનાર વ્યવસાયીઓની કે મેળો માણવા આવેલ નાગરિકોની ?

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સિદ્ધાંતને સાર્થક કરવા માટે તંત્ર અને આયોજકો વચ્ચે પરસ્પર જવાબદારી નક્કી થઈને આ સમગ્ર મેદાનની સઘન સફાઈ તાત્કાલિક હાથ ધરાય તે અત્યંત જરૂરી છે.

---

### બાબરાનાં અગ્રણી જગદીશ નાકરાણીને

## વડનગરથી વારાણસી બાઈક સેવા યાત્રાનાં રૂટ–૯નાં પ્રભારીની જવાબદારી

**પ્રધાનમંત્રીનાં જન્મદિન નિમિત્તે સેવા સંકલ્પ અભિયાનમાં અમરેલી સહિત ૬ જિલ્લાનાં સેવાયાત્રીઓ જોડાશે**

બાબરા, તા. ૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત વડનગરથી વારાણસી સુધી યોજાનારી બાઈક સેવા યાત્રાના રૂટ નંબર–૯નાં પ્રભારી તરીકે અમરેલી જિલ્લા ભાજપનાં અગ્રણી જગદીશભાઈ નાકરાણીની નિયુક્તિ કરવામાં આવી છે.



વડનગરથી વારાણસી સુધીની આ બાઈક સેવા યાત્રાના રૂટ નંબર–૯માં બોટાદ, અમરેલી, ભાવનગર મહાનગર, ભાવનગર જિલ્લો, જૂનાગઢ જિલ્લો અને જૂનાગઢ મહાનગરના સેવાયાત્રીઓ જોડાશે. વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાંથી જોડાનારા સેવાયાત્રીઓ સાથે આ યાત્રા જનસેવા, સેવાભાવ અને લોક કલ્યાણનો સંદેશ લઈને આગળ વધશે.

જગદીશભાઈ નાકરાણીને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતા બાબરા શહેર અને તાલુકા ભાજપનાં અગ્રણીઓ, જિલ્લા ભાજપ પ્રમુખ સહિતનાં આગેવાનો, ધારાસભ્ય, સાંસદ તેમજ જિલ્લા યુવા ભાજપનાં અગ્રણીઓ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન વ્યક્ત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જગદીશભાઈ નાકરાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસ નિમિત્તે યોજાઈ રહેલા સેવા સંકલ્પ અભિયાનમાં વડનગરથી વારાણસી સુધીની બાઈક સેવા યાત્રાના રૂટ નંબર–૯ની જવાબદારી મળવી મારા માટે ગૌરવ અને સદભાગ્યની બાબત છે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ જનસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો અવસર છે.

આ રૂટમાં બોટાદ, અમરેલી, ભાવનગર અને જૂનાગઢનાં મહાનગર તથા જિલ્લાનાં સેવાયાત્રીઓ જોડાઈ રહ્યા છે. ત્યારે સૌના સહયોગ અને સહભાગિતાથી સેવાભાવનો સંદેશ વધુ વ્યાપક રીતે લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરીશું. નરેન્દ્રભાઈ મોદીનાં જન્મ દિવસને જનસેવા સાથે જોડીને સમાજનાં જરૂરિયાતમંદ લોકો સુધી સેવા અને સહાય પહોંચાડવીએ આપણા સૌની જવાબદારી છે.

આ મહત્વપૂર્ણ જવાબદારી માટે પક્ષનાં વરિષ્ઠ નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું. તમામ આગેવાનો, કાર્યકર્તાઓ અને સેવાયાત્રીઓના સહયોગથી આ યાત્રાને સફળ બનાવી જનસેવાનાં સંકલ્પને સાકાર કરવા સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરીશ.

---

### પ્રધાનમંત્રીનાાં ''સેવા અને સમર્પણ''નાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં

## અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં આજે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

**વધુમાં વધુ નાગરિકોને રમતદાન કરવા અનુરોધ**

અમરેલી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જાહેર જીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર અમરેલી જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓકટોબર, ૨૦૨૬ દરમિયાન ''સેવા સંકલ્પ અભિયાન'' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાનનાં પ્રથમ દિવસે જ એટલે કે આવતીકાલ તા. ૧૭ સપ્ટેમ્બરનાં રોજ જિલ્લાનાં તમામ નાગરિકોનાં સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ''સેવા મેરા યોગદાન'' અંતર્ગત તાલુકા વાઈઝ મેગા બ્લડ ડોનેશન અને એમવીબીડીસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા અમરેલી જિલ્લાનાં જુદા જુદા તાલુકાઓમાં આ કેમ્પ યોજાશે. જે અંતર્ગત સાવરકુંડલામાં જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલી કે.કે. મહેતા હોસ્પિટલ ખાતે સવારે ૯ થી સાંજનાં ૬ વાગ્યા સુધી રક્તદાન કરી શકાશે. જયારે અમરેલી તાલુકામાં પી.એચ.સી વાંકીયા અને જૂના માર્કેટિંગ યાર્ડ સ્થિત કર્તવ્ય કાર્યાલય ખાતે તેમજ બાબરા તાલુકામાં પી.એચ.સી મોટા દેવળીયા અને સી.એચ.સી બાબરા ખાતે સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી આ કેમ્પ ચાલશે.

આ ઉપરાંત, બગસરામાં કુંકાવાવ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે, કુંકાવાવમાં સી.એચ.સી કુંકાવાવ ખાતે, રાજુલામાં એસ.ડી.એચ. રાજુલા ખાતે તેમજ જાફરાબાદમાં પીપળી કાંઠા પાસે આવેલ બંદર જેટી ખાતે સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા તેમજ દિતલા–ધારી ખાતે બપોરે ૨:૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. તમામ કેમ્પની જગ્યાએ રક્તદાતાઓ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ તમામ કેન્દ્રો પર તબીબી ટીમો દ્વારા રક્ત એકત્રિત કરવાની કામગીરી સુચારૂ રૂપે હાથ ધરવામાં આવશે.

લોહીનું દાન એ મહાદાન છે અને ''સેવા સંકલ્પ અભિયાન'' નાં આ પવિત્ર અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલીનાં તમામ રક્તદાતાઓ, યુવાનો અને સેવાભાવી નાગરિકોને પોતાના નજીકનાં કેન્દ્ર પર ઉપસ્થિત રહીને બહોળી સંખ્યામાં રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવે છે. આ મહા–અભિયાનમાં દરેક નાગરિક પોતાનું સક્રિય યોગદાન આપીને સેવાના ભાગીદાર બને તેમ અપીલ કરવામાં આવી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


---

### ઓમ સાઈ ટયુશન એન્ડ કોમ્પ્યુટર કલાસીસ ખાતે

## બાબરામાં ગણેશ મહોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી

**ધારાસભ્ય તળાવીયાએ મહાઆરતી ઉતારી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૬

બાબરા શહેરમાં વિવિધ સ્થળોએ ગણેશ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે બાબરામાં આવેલ ઓમ સાઈ ટયુશન એન્ડ કોમ્પ્યુટર ક્લાસીસ ખાતે પણ ગણેશ મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે બાબરા–લાઠી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ઉપસ્થિત રહી ગણપતિજીના દર્શન કરી મહાઆરતી ઉતારી હતી. ધારાસભ્યનેતાજેતરમાં મળેલા શ્રેષ્ઠ ધારાસભ્યના એવોર્ડ બદલ ઓમ સાઈ ટયુશન એન્ડ કોમ્પ્યુટર કલાસીસના સંચાલક જયરાજભાઈ બસિયા, નેશાદભાઈ ગાંગાણી સહિતના સ્ટાફ દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવના આ ધાર્મિક પ્રસંગે શહેર ભાજપ મહામંત્રી ધર્મેશભાઈ વાવડીયા, અંકુરભાઈ જસાણી, અશ્વિનભાઈ મકવાણા, નીલકંઠ યુવક મંડળના મગનભાઈ કોઠીયા, ભુપતભાઈ બસિયા, શહેર ભાજપ ઉપપ્રમુખ પંકજ ઈન્દ્રોડિયા સહિતના આગેવાનો, કાર્યકરો તથા ગણેશ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો.


શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી

UG કોલેજ ઉચ્ચ ગ્રેડને – PG કોલેજ ફી રાહત

• BA - B.Com. - B.Sc. - A1 ગ્રેડ(90%) ને MA - M.Com. - M.Sc.

• BBA - BCA - B.Pharm. - A1 ગ્રેડ(90%)ને MBA - MCA - M.Pharm

• B.Ed. - PG DMLT માટે ફી રાહતની વ્યવસ્થા નથી.

અંગ્રેજી ન્યૂઝ પેપર

The Indian EXPRESS

શેર બજારનું ગુજરાતી ન્યૂઝ પેપર

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

પ્રકાશભાઈ ચંદારાણા

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦


---

### સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેને આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

## બાબરા : સિવિલ હોસ્પિટલમાં ECGની સુવિધા શરૂ કરવા માંગ

**હૃદયરોગનાં દર્દીઓના હિતમાં નિર્ણય કરવો જરૂરી**

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકા પંચાયતનાં સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન કમલેશભાઈ સોમાભાઈ બગડા દ્વારા બાબરા સિવિલ હોસ્પિટલમાં ઈસીજી (ઈલેકટ્રોકાર્ડિયોગ્રામ)ની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજયનાં આરોગ્ય મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ બાબરા સિવિલ હોસ્પિટલમાં ઈસીજીની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી હૃદય સંબંધિત તકલીફ ધરાવતા દર્દીઓને તપાસ માટે અન્યત્ર જવું પડે છે. બાબરાથી આશરે ૩૦ કિલોમીટર સુધીનો



પ્રવાસ કરી ઈસીજી કરાવવા જવું પડતું હોવાથી ખાસ કરીને સામાન્ય અને ગરીબ વર્ગનાં દર્દીઓને સમય તથા નાણાંનો વધારાનો ખર્ચ સહન કરવો પડે છે.

કમલેશભાઈ બગડાએ રજૂઆતમાં જણાવ્યું છે કે, બાબરા તાલુકો મોટો વિસ્તાર ધરાવતો હોવાથી સિવિલ હોસ્પિટલમાં જ ઈસીજીની સુવિધા ઉપલબ્ધ થાય તો તાલુકાનાં દર્દીઓને ખૂબ મોટી રાહત મળી શકે તેમ છે. હૃદય સંબંધિત તકલીફનાં કિસ્સામાં સમયસર તપાસ મહત્વપૂર્ણ હોવાથી સ્થાનિક કક્ષાએ જ આ સુવિધા ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી છે.

આથી બાબરા સિવિલ હોસ્પિટલમાં ઈસીજીની સુવિધા તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે, તેવી માંગ સાથે આરોગ્ય મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

---

### રક્તદાન કેમ્પ, માતાઓનુ સન્માન અને ''આશીર્વાદનો દીવડો'' કાર્યક્રમ

## સાવરકુંડલા પંથકમાં પ્રધાનમંત્રીના જન્મદિન નિમિતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન

**ધારાસભ્યના નેતૃત્વમાં તમામ કાર્યક્રમો યોજાશે**

સાવરકુંડલા, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન તથા જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારમાં વિવિધ સેવાકીય, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિવિધ કાર્યક્રમોમાં સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે આયોજિત આ કાર્યક્રમોમાં રક્દાન કેમ્પ, 'ભક્તિની અમૃતધારા' અંતર્ગત માતાઓનું સન્માન અને 'આશીર્વાદનો દીવડો' મુખ્ય આકર્ષણ રહેશે. સેવાભાવ, સંસ્કાર, સંસ્કૃતિ અને સુશાસનના સંદેશ સાથે યોજાનારા આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાય તેવી તૈયારીઓ કરવામાં આવી છે.

સાવરકુંડલા સ્થિત કે.કે. હોસ્પિટલ ખાતે સવારે ૧૦ કલાકે રક્તદાન કેમ્પથી થશે. માનવસેવાના ભાવ સાથે યોજાનારા આ રક્દાન કેમ્પમાં સેવાભાવી નાગરિકો, યુવાનો, કાર્યકરો તથા વિવિધ ક્ષેત્રના લોકો સ્વૈચ્છિક રીતે રક્તદાન કરશે.રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી યોજાનારા આ સેવાકીય કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય અને રક્તદાન કરીને માનવસેવામાં પોતાનું યોગદાન આપે તે માટે અપીલ કરવામાં આવી છે.

આ પ્રસંગે પુંજાપાદર ગામે રામાણી વાડી ખાતે બપોરે ૪ કલાકે 'ભક્તિની અમૃતધારા' કાર્યક્રમ યોજાશે. ભજન–કીર્તનના પાવન સુર સાથે યોજાનાર આ કાર્યક્રમમાં આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિની ઝલક જોવા મળશે. સનાતન કલા, સંસ્કૃતિ અને સંસ્કારોની પરંપરાને જીવંત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર માતાઓનું વિશેષ સન્માન કરવામાં આવશે. પરિવાર અને સમાજમાં માતાઓના યોગદાનને બિરદાવવા તેમજ ભારતીય સંસ્કાર અને પરંપરાના જતનનો સંદેશ આપવા માટે આ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

ભજન–કીર્તનના પાવન વાતાવરણમાં માતાઓનું સન્માન કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિ રહેવાની છે.

કાર્યક્રમમાં અંતર્ગત 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડીલો અને માતાઓના આશીર્વાદને મહત્વ આપતા આ કાર્યક્રમમાં દીપ પ્રાગટય સાથે શુભેચ્છા અને આશીર્વાદની ભાવના વ્યક્ત કરવામાં આવશે. આ સાથે 'સુશાસનના દિવસે સુશાસનના ૨૫ વર્ષ' વિષયને કેન્દ્રમાં રાખીને સુશાસન તથા જાહેર જીવન સાથે સંકળાયેલા વિવિધ પાસાઓને પણ ઉજાગર કરવામાં આવશે.

સાવરકુંડલા વિધાનસભાના ૧૧૭ ગામો ઉપરાંત રાત્રે ૭ કલાકે કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહી સહભાગી બનશે.

દીપ પ્રાગટય, વડીલોના આશીર્વાદ અને સામાજિક એકતાના ભાવ સાથે યોજાનાર આ કાર્યક્રમ વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે આયોજિત કાર્યક્રમોની શ્રેણીનો મહત્વપૂર્ણ ભાગ બનશે.

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારમાં યોજાનારા આ ત્રિવિધ કાર્યક્રમોમાંરક્તદાન દ્વારા માનવસેવા, માતાઓના સન્માન દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિનું જતન તથા 'આશીર્વાદનો દીવડો' દ્વારા વડીલોના આશીર્વાદ સાથે જોડાવાનો ભાવ પ્રગટ કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે યોજાનારા આ કાર્યક્રમો દ્વારા જનસેવા, રાષ્ટ્રસેવા, ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને સુશાસનના વિવિધ આયામોને એકસાથે ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે આયોજકો અને કાર્યકરો દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના નાગરિકો, યુવાનો, મહિલાઓ, વડીલો અને સેવાભાવી કાર્યકરોને વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહ પૂર્વક જોડાઈ તેને સફળ બનાવવા માટે ધારાસભ્યની ઉપસ્થિતિમાં અપીલ કરવામાં આવી છે.

## ૨૦૦થી ૩૦૦ વર્ષ પહેલા જોવા મળતી હાથ બનાવટની વસ્તુઓ આજે જીવંત

# સાવરકુંડલામાં આજે પણ લાકડામાંથી ખાટલાઓ, ખાટ, ઢીંચણીયા બની રહ્યા છે

**ખત્રી પરિવારની ૭મી પેઢીનાં યુવાનો આજે પણ આકર્ષક કામ કરી રહ્યા છે**

**સદીઓ પહેલા સામાન્ય ગણાતી વસ્તુઓ આજે એન્ટિક બનીને શોભી રહી છે**

**લાકડા પર બારીક કોતરણી, નકશી કામ અને પરંપરાગત ડિઝાઈન બનાવાઈ રહી છે**


**આજે પણ દર મહિને સેંકડો ગ્રાહકો એન્ટિક વસ્તુઓ લઈ રહ્યા છે**



સાવરકુંડલા, તા. ૧૬

આજના આધુનિક ડિઝિટલ યુગમાં પણ સાત સાત પેઢીથી લાકડાનું કામ પર કોતર કામ કરીને પરંપરાગત હસ્તકલા જીવંત રખાઈ છે. સાવરકુંડલામાં રહેતા હરેશભાઈ ખત્રીના પરિવારમાં સાતમી પેઢીથી લાકડાનું રજવાડી કામ કરવામાં આવે છે. પેઢી દર પેઢી આ કળા શીખવવામાં આવી છે અને આજે પણ પરંપરાગત ડિઝાઈન તથા કોતરણીને જાળવીને વિવિધ વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. ખાસ કરીને રજવાડાના સમયગાળામાં તથા જૂના દરબારગઢમાં જોવા મળતી વસ્તુઓની ડિઝાઈનને ધ્યાનમાં રાખીને લાકડામાંથી આકર્ષક વસ્તુઓ બનાવવામાં આવે છે. લાકડામાંથી બાળકોને સૂવાના ઘોડિયા, સુવાના ખાટલાઓ, ખાટ, ઢીંચણીયા જેવી કાઠિયાવાડી વસ્તુઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે જે આજથી ૨૦૦થી ૩૦૦ વર્ષ જૂની રજવાડી શૈલીમાં બનતી એન્ટિક વસ્તુઓ આજે પણ સાવરકુંડલામાં બને છે. મુખ્યત્વે સાગ અને સીસમ જેવા મજબૂત લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે. લાકડાને કાપીને માત્ર આકાર આપવાનો જ નહીં, પરંતુ તેના પર બારીક કોતરણી, નકશીકામ અને પરંપરાગત ડિઝાઈન કરવામાં આવે છે. કુશળ કારીગરોની મહેનત બાદ તૈયાર થતી આ વસ્તુઓમાં જૂના જમાનાની કળા અને રાજાશાહી ઠાઠ જોવા મળે છે. લાકડામાંથી ખાટલા, ઘોડિયા, બાજોટ, બેસવા માટેની ખાટલી, સુવાના ખાટલા, ખાટ અને ઢીંચણિયા સહિતની વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે. ખાસ આકર્ષણનું કેન્દ્ર કાઠીયાવાડી ઝૂલો છે. સમગ્ર ગુજરાતમાં અંદાજે ૫૦ જેટલા આવા કાઠીયાવાડી ઝૂલા જોવા મળે છે અને તેમની પાસે બનાવવામાં આવેલા અનેક ઝૂલા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવ્યા છે. આ પરંપરાગત કળાનું વેચાણ માત્ર સાવરકુંડલા કે અમરેલી પૂરતું સીમિત નથી ગુજરાતના વિવિધ શહેરો ઉપરાંત ગુજરાત બહારના રાજયોમાં પણ આ રજવાડી લાકડાની વસ્તુઓનું વેચાણ થાય છે. લોકો તેને પોતાના ઘરમાં પરંપરાગત શોભા માટે તેમજ એન્ટિક પીસ તરીકે રાખવાનું પસંદ કરે છે. આજના આધુનિક યુગમાં પરંપરાગત હસ્તકલા ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે, ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં ખત્રી પરિવાર સાત પેઢીથી લાકડામાં રજવાડી કોતરણી અને ડિઝાઈનની પરંપરા જાળવી રાખી છે. રજવાડાના સમય અને દરબારગઢમાં ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓની પ્રતિકૃતિ જેવી સુંદર વસ્તુઓ આજે પણ અહીં હાથથી તૈયાર કરવામાં આવે છે. આ વસ્તુઓને લોકો પોતાના ઘરની શોભા વધારવા માટે ‘એન્ટિક પીસ’ તરીકે પણ ઉપયોગમાં લે છે.

તેઓના જણાવ્યા મુજબ, હાલના સમયમાં આવી રજવાડી વસ્તુઓ બનાવવાનું કામ ખૂબ જ ઓછી જગ્યાએ જોવા મળે છે. નવી પેઢી આધુનિક ટેકનોલોજી અને અન્ય વ્યવસાય તરફ આગળ વધી રહી હોવાથી પરંપરાગત હસ્તકલા સાથે જોડાયેલા કારીગરોની સંખ્યા પણ ઘટી રહી છે. જેના કારણે સદીઓ જૂની કળા લુપ્ત થવાની સ્થિતિમાં છે. તેમના મતે, આપણા વડવાઓ અને પૂર્વજો જે વસ્તુઓનો ઉપયોગ કરતા હતા તેમાં માત્ર સુંદરતા જ નહીં, પરંતુ ઉપયોગિતા અને મજબૂતી પણ હતી. આવી પરંપરાગત વસ્તુઓને નવી પેઢી સુધી પહોંચાડવી જરૂરી છે. આ કામની ખાસિયત એ છે કે આજના સમયમાં પણ ૨૦૦થી ૩૦૦ વર્ષ જૂની રજવાડી શૈલીની વસ્તુઓની ડિઝાઈનને આધારે નવી વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. લાકડાની પસંદગીથી લઈને કોતરણી અને અંતિમ ડિઝાઈન સુધી દરેક તબક્કે કારીગરોની કુશળતા જરૂરી બને છે. આ રીતે સાવરકુંડલાના ખત્રી પરિવાર દ્વારા સાત પેઢીથી ચાલી આવતી લાકડાની રજવાડી કળા આજે પણ જીવંત છે. આધુનિકતાના યુગમાં જયારે આવી પરંપરાગત કળાઓ ધીમે ધીમે અદશ્ય થઈ રહી છે, ત્યારે આ પરિવાર પોતાની મહેનત અને કારીગરીથી જૂના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યો છે. દર મહિને અંદાજે એક લાખ રૂપિયાથી વધુનું વેચાણ થતું હોવાનું જણાવે છે, જે આ પરંપરાગત કળા પ્રત્યે લોકોનો આજેય રહેલો રસ દર્શાવે છે.



























# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે શિક્ષક દિનની ઉજવણી



ચલાલા પ.પુ. ડો. રતિોદાદાનાં આશીર્વાદ તથા ભારતભુષણ મહેશમાઈ મહેતાનાં મર્ગદર્શન હેઠળ ચાલતી રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ, ચલાલા ખાતે તા. ૫ સપ્ટેમ્બરન ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિન નિમિત્તે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દીકરીઓએ અગાઉથી તૈયારી કરીને એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા નિભાવી હતી. દીકરીઓએ વિવિધ વર્ગોમાં પિરિયડ લીધા, શિસ્ત જાળવી અને શાળામાં સુંદર શૈક્ષણિક વાતાવરણ સજર્યુ હતું. સાથે જ આચાર્ય, કલાર્ક સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી શાળાનું સંચાલન કરવાનો અનુભવ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારતભુષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા સહિત સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું ડિજિટલ અને કેશલેસ ભારતનું

"યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસ" લાદવાનો નિર્દય નિર્ણય લીધો, જે ૧૫ ઓકટોબર, ૨૦૨૬થી લાગુ થશે. ભાજપ સરકાર અને નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) એ વર્તમાનમાં P2M (પર્સન–ટુ–મર્ચન્ટ) ટ્રાન્ઝેકશન્સ પર ૦.૪% ટેકસ લગાવવાનો નિર્ણય કર્યો છે. વધુ ચિંતાનો વિષય એ છે કે આ ૦.૪% પ્રતિ ટ્રાન્ઝેકશન ટેકસને મોદી સરકાર ગમે ત્યારે મનસ્વી રીતે વધારીને ૧% અથવા ૨% કે તેથી વધુ કરી શકે છે અને એ જ મનસ્વી રીતે આ ટેકસ યુપીઆઈ ટ્રાન્ઝેકશનની તમામ શ્રેણીઓ પર લાદી શકાય છે.

યુપીઆઈ કેશલેસ, ડિજિટલ અને ઈન્કલુસિવ (સમાવેશી) ભારત માટે એક મહત્વપૂર્ણ સાધન છે, પરંતુ મોદી સરકારે તેને આમ જનતાના ખિસ્સામાંથી નફો કમાતી 'ટેકસ ઈમ્પોઝિશન અને કલેકશન મશીન' બનાવી દીધું છે. આ ભાજપ સરકાર દ્વારા આમ લોકો સાથે "છેતરપિંડી પીઠમાં ખંજર ભોંકવા વિસઘાત કરવાનો" રસ્તો બની ગયો છે.

યુપીઅ ભારતીય સંસ્થાઓ અને બેંકો દ્વારા બનાવવામાં આવેલું સાર્વજનિક ફંડ ધરાવતું મફત પેમેન્ટ ઈન્ફાસ્ટ્રકચર છે, જેને કોઈપણ ટ્રાન્ઝેકશન ટેકસથી ફ્રી રાખવામાં આવ્યું હતું. આ ડિજિટલ, કેશલેસ અને ઈન્કલુસિવ ભારત તરફનું એક અનોખું પગલું છે. આને પ્રોત્સાહન આપવા માટે કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું તથા "ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ, ૨૦૦૭" (૨૦૧૯માં સુધારેલ) માં સેકશન ૧૦–અ હેઠળ કોઈપણ પ્રકારનો ટ્રાન્ઝેકશન ટેકસ ચાર્જ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો. એટલું જ નહીં, ઈનકમ ટેકસ એકટના સેકશન ૨૬૯ FU હેઠળ યુપીઆઈ દ્વારા થતી ચૂકવણીને ઈલેકટ્રોનિક મોડ સ્વીકારીને છૂટ આપવામાં આવી. જયારે યુપીઆ વિનું સૌથી મોટું ફ્રી પેમેન્ટ પ્લેટફોર્મ બની ગયું, ત્યારે અમેરિકાને યુપીઆઈ અને RuPay કાડર્સને લઈને ભારે તકલીફ અને ફરિયાદ થવા લાગી કારણ કે આનાથી ભારતમાં ઉપયોગમાં લેવાતા અમેરિકન વિઝા અને માસ્ટરકાર્ડના બિઝનેસ પર વિપરીત અસર પડી. સાથે જ, અમેરિકન કંપનીઓ 'ફોન પે' અને 'ગૂગલ પે'ના નફા પર પણ પ્રતિકૂળ અસર પડી, કારણ કે યુપીઆ ટ્રાન્ઝેકશનથી કોઈ નફો કમાઈ શકાતો નથી અને 'ફોન પે' તથા 'ગૂગલ પે' દ્વારા ૮૦% યુપીઆઈ ટ્રાન્ઝેકશન થાય છે. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મોદી સરકારે અમેરિકા સાથે યુએસ–ઈન્ડિયા ટ્રેડ ડીલ "ફેકટ શીટ" પર હસ્તાક્ષર કર્યા, જેમાં અમેરિકા અને તેના કોર્પોરેટ સેકટરને છૂટ આપવાનું વચન આપવામાં આવ્યું. આ અંતર્ગત, ૦૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મોદી સરકારે ગુપચુપ રીતે "ધ ટેકસેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬" સંસદમાં રજૂ કર્યુ અને "ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ"ના સેકશન ૧૦–અ માં ચૂપચાપ ફેરફાર કરી દીધો, જેના હેઠળ મોદી સરકારે એ અધિકાર મેળવી લીધો કે સરકાર સંસદની મંજૂરી લીધા વિના જ નોટિફિકેશન બહાર પાડીને યુપીઆ ટ્રાન્ઝેકશન પર કોઈ પણ ચાર્જ લાદી શકશે. આ કાયદો સંસદમાં ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પસાર થઈ ગયો. યુપીઆઈ દ્વારા ડિજિટલ પેમેન્ટ કરનારા ભારતના કરોડો લોકો સાથે ગુપચુપ રીતે કરવામાં આવેલા આ કપટ પછી મોદી સરકારે ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક નોટિફિકેશન બહાર પાડીને રૂા. ૨૦૦૦થી વધુ મૂલ્યના યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ૦.૪% ટેકસ ઝીંકી દીધો. આ ભેદભાવ અને અન્યાય અહીં જ નહીં અટકે કારણ કે હવે કેન્દ્ર સરકાર ગમે ત્યારે ટેકસનો દર ૦.૪% થી વધારીને ૧% અથવા ૨% કે તેથી વધુ કરી શકે છે, અને જે ટેકસ અત્યારે P2M (પર્સન ટુ મર્ચન્ટ) પર લાદવામાં આવ્યો છે, તે મોદી સરકારની ઈચ્છા મુજબ યુપીઆઈની તમામ શ્રેણીઓ પર લાદી શકાય છે, ખાસ કરીને P2P એટલે કે વ્યકિતથી વ્યકિતને કરવામાં આવતા યુપીઆઈ ચૂકવણી પર પણ.

યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ટેકસ ઝીંકવો એ ભારતની જનતા સાથે છેતરપિંડી–પીઠમાં ખંજર–વિસઘાત છે PIbની ૩૦ એપ્રિલ ૨૦૨૬અને ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ (સંલગ્ન A1 અને A2)ની બે અલગ–અલગ પ્રેસ રિલીઝ મુજબ મોદી સરકારે સ્વીકાર્યુ છે કે વર્ષ ૨૦૨૫–૨૬માં યુપીઆઈ દ્વારા રૂા. ૩૧૪ લાખ કરોડના ૨૪,૧૬૨ કરોડ ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યા. ચાલુ વર્ષ ૨૦૨૬–૨૭માં તેમનું મૂલ્ય વધીને રૂા. ૪૦૦ લાખ કરોડ થવાનો અંદાજ છે. આ ટ્રાન્ઝેકશન્સમાંથી રૂા. ૨૦૦૦થી વધુ મૂલ્યના ટ્રાન્ઝેકશન ૬૩% હતા. એટલે કે, ૨૦૨૫–૨૬માં રૂા. ૨૦૦ લાખ કરોડ અને ૨૦૨૬–૨૭માં રૂા. ૨૫૩ લાખ કરોડના ટ્રાન્ઝેકશન રૂા. ૨૦૦૦થી વધુ મૂલ્યના હશે. મોદી સરકારના જણાવ્યા મુજબ વર્તમાનમાં ૫% ટ્રાન્ઝેકશન P2M (પર્સન ટુ મર્ચન્ટ) ટ્રાન્ઝેકશન છે. જો આ સાચું માનવામાં આવે તો વર્ષ ૨૦૨૬–૨૭માં ૨૦૦૦ના મૂલ્યથી વધુના P2M ટ્રાન્ઝેકશન રૂા. ૧૨.૬૦ લાખ કરોડના હશે. આના પર ૦.૪% ના ટ્રાન્ઝેકશન ટેકસ મુજબ રૂા. ૫,૦૪૦ કરોડના ભુગતાનનો બોજ પડશે. વેપારીઓ, દુકાનદારો અને મર્ચન્ટસ પર ૦.૪ % યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસથી પડનારા આ રૂા. ૫૦૪૦ કરોડના વધારાના બોજનું પરિણામ શું આવશે ? સ્પષ્ટ છે કે આનો બોજ આખરે આમ જનતાના ખિસ્સા પર જ પડશે. "ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ"ના સેકશન ૧૦–અ માં ગુપચુપ રીતે ફેરફાર કરીને અને "ધ ટેકસેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬" લાવ્યા પછી મોદી સરકાર નોટિફિકેશન આપીને ગમે ત્યારે યુપીઆઈ ટ્રાન્ઝેકશન રેટ વધારી દેશે અને તેને અન્ય શ્રેણીઓ પર પણ લાદી દેશે, જેમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું પર્સન ટુ પર્સન (P2P) પેમેન્ટ પણ સામેલ હશે. જો મોદી સરકાર ભવિષ્યમાં યુપીઆઈ ટ્રાન્ઝેકશનની તમામ શ્રેણીઓ પર ૧% ટેકસ પણ લગાવી દેશે, તો વર્ષ ૨૦૨૬–૨૭ના યુપીઆઈ ટ્રાન્ઝેકશનના આધારે ટેકસ વધીને વાર્ષિક રૂા. ૨,૫૩,૦૦૦ કરોડ થઈ જશે. આ મોદી સરકારનો એક ખતરનાક જન–વિરોધી શકિત પ્રયોગ છે, જે ભારતની જનતા સાથે છેતરપિંડી છે.

મોદી સરકારે અમેરિકન કંપનીઓ સામે ટેકવ્યા ઘૂંટણ, યુપીઆઈથી થતા ૮૦% ટ્રાન્ઝેકશન બે અમેરિકી કંપનીઓ, "ફોન પે' અને "ગૂગલ પે" દ્વારા કરવામાં આવે છે. આનો અર્થ એ છે કે વર્ષ ૨૦૨૬–૨૭માં થનારા કુલ રૂા. ૪૦૦ લાખ કરોડના યુપીઆઈ બિઝનેસમાંથી રૂા. ૩૨૦ લાખ કરોડનો બિઝનેસ આ બે અમેરિકી કંપનીઓ, "ફોન પે" અને "ગૂગલ પે" દ્વારા કરવામાં આવશે. એટલે કે, તેમને પ્રથમ વખત રૂા. ૫૦૪૦ કરોડના યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસમાં હિસ્સો મળશે, જે આ પહેલા ટેકસ–ફ્રી હતો. ફોન પે ની માલિક વોલમાર્ટ કંપની છે, જે ૪૫% યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સનું પ્રોસેસિંગ કરે છે. ફોન પે એ માર્ચ ૨૦૨૬માં પોતાના ભારતીય IPOને રોકી દીધો હતો. એનું કારણ એ હતું કે કંપનીનું વેલ્યુએશન $૧૦ બિલિયનથી ઓછું થઈ ગયું હતું. જયારે કંપની યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સથી પૈસા કમાવાનું શરૂ કરી દેશે, ત્યારે તેનું વેલ્યુએશન આપોઆપ ઉપર જતું રહેશે.

શું ભારત સરકાર હવે પ્રાઈવેટ વિદેશી કંપનીનું વેલ્યુએશન વધારવા માટે કામ કરી રહી છે ? ભારત સરકાર અમેરિકન કંપનીઓને ટેકનોલોજીકલ એકસેસ પહેલાથી જ આપી ચૂકી છે, જેનાથી તેમને લાખો ભારતીયોના ખર્ચ કરવાના વર્તનનો મોટો ડેટા મળી રહ્યો છે. આ ડેટા પોતાનામાં જ એક સોનાની ખાણ છે. પરંતુ મોદી સરકારે યુપીઆઈથી લાભ કમાનારી કોઈ પણ મોટી વિદેશી કંપની પર "વાર્ષિક પાર્ટિસિપેશન ફી" લગાવવા વિશે વિચાર્યું પણ નહીં. યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પ્રોસેસિંગ માટે પૈસા આપવાને બદલે, તેઓ તેમના પર વાર્ષિક ૫૦થી ૧૦૦ મિલિયન યુએસ ડોલરની પાર્ટિસિપેશન ફી લગાવી શકતા હતા. અમેરિકાએ એ પણ ફરિયાદ કરી છે કે ભારતમાં યુપીઆઈ અને RuPay કાર્ડ અમેરિકન વિઝા અને માસ્ટરકાર્ડના બિઝનેસ પર અસર કરી રહ્યા છે, જેના પર ૧ થી ૧.૫% ટ્રાન્ઝેકશન ચાર્જ લેવામાં આવે છે. શું આ જ કારણે મોદી સરકારે ફ્રી યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સ પર ટ્રાન્ઝેકશન ફી લાગુ કરી છે, જેથી અમેરિકન કંપનીઓને ફાયદો પહોંચાડી શકાય ? કાયદામાં ગુપચુપ ફેરફારથી તો એ જ સંકેત મળે છે.

જયારે NPCI નફામાં ચાલી રહ્યું છે, તો યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસ લાદવાનું શું ઔચિત્ય છે ? NPCIએ રૂા. ૧૯૦૦ કરોડનો પ્રી–ટેકસ ઓપરેટિંગ પ્રોફિટ દર્શાવ્યો છે. મોદી સરકારને ગયા વર્ષે NPCIથી રૂા. ૧૦૦૦કરોડની ટેકસ આવક થઈ હતી. આ ઉપરાંત, NPCIની બેલેન્સ શીટમાં રૂા. ૬૧૧૯ કરોડની રોકડ રકમ ઉપલબ્ધ છે. તો પછી કાયદો બદલવા અને યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર ટેકસ લગાવવા પાછળ ભારતીયોના ભોગે વિદેશી દબાણ સિવાય બીજું કયું કારણ હોઈ શકે ?

યુપીઆઈ ટ્રાન્ઝેકશન્સને ફ્રી રાખવામાં અસમર્થ હોવા અંગે મોદી સરકાર અને NPCIના પાયાવિહોણા બહાના હકીકતમાં છેતરપિંડી છે ! યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસ લાદવા માટે ભાજપ સરકારનો એ દાવો કે ફ્રી યુપીઆઈ ટ્રાન્ઝેકશન અને સિકયોરિટી પ્રોટોકોલ પર દર વર્ષે રૂા. ૨૦૦૦૦ કરોડનો ખર્ચ થવાનો છે, તે સંપૂર્ણપણે પોકળ છે, જેનાથી ભાજપ સરકારની દુરભિસંધિ છતી થાય છે. આ પાયાવિહોણા તર્કને બેંકિંગ સિસ્ટમ દ્વારા કમાવવામાં આવી રહેલા મોટા નફાના સંદર્ભમાં જુઓ. વર્ષ ૨૦૨૫–૨૬માં PSU બેંકો દ્વારા રૂા. ૨ લાખ કરોડનો નફો જાહેર કરવામાં આવ્યો હતો. આનાથી સરકારી બેંકિંગ સિસ્ટમના નફા અને નાણાંની ઉપલબ્ધતાની વાત સ્પષ્ટ થઈ જાય છે (PIB પ્રેસ રિલીઝ તારીખ ૨૯ મે ૨૦૨૬).

એટલું જ નહીં, વર્ષ ૨૦૨૫–૨૬માં આરબીઆઈએ તો મોદી સરકારને રૂા. ૨.૮૬ લાખ કરોડનું સરપ્લસ ફંડ પણ આપ્યું છે. તો શું રૂા. ૪૦૦ લાખ કરોડનો વેપાર કરતી યુપીઆઈને આમાંથી સિકયોરિટી સિસ્ટમ સુરક્ષિત બનાવવા માટે રૂા. ૨૦૦૦૦ કરોડ ના આપી શકાયા હોત ? આ બધી વાત ન કરીએ તો પણ, દેશની બેંકિંગ સિસ્ટમ સામાન્ય જનતા પાસેથી એટલા પૈસા કમાઈ રહી છે કે તેનો એક હિસ્સો પાછો યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસ ફ્રી રાખવા પર ખર્ચી શકાય છે. રાજયસભામાં ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ આપવામાં આવેલા એક જવાબ (સંલગ્નક A3) મુજબ, PSUs/પ્રાઈવેટ બેંકોએ માત્ર મિનિમમ બેલેન્સ પેનલ્ટી, ડેબિટ કાર્ડ ચાર્જ અને એકાઉન્ટ મેન્ટેનન્સ ફીથી જ રૂા. ૫૭,૨૫૯ કરોડ કમાઈ લીધા હતા. શું આ પૈસા યુપીઆઈ માટે વાપરી ન શકાયા હોત ? આ ઉપરાંત, NPCIનો પ્રી–ટેકસ ઓપરેટિંગ પ્રોફિટ રૂા. ૧૯૦૦ કરોડ છે અને તેની પાસે રૂા. ૬૦૦૦ કરોડનું હાર્ડ કેશ રિઝર્વ છે. તેથી, યુપીઆઈ ટ્રાન્ઝેકશન ટેકસ લગાવવા માટે આપવામાં આવી રહેલું સબસિડીનું બહાનું સાવ પાયાવિહોણું છે, જેનાથી મોદી સરકારનું જૂઠ જગજાહેર થઈ ચૂકયું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૧૫ | ૧૩૮૫ |
| ૨ | શિંગદાણા | ૧૩૭૦ | ૨૦૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૪૦ |
| ૪ | તલ કાળા | ૧૭૦૫ | ૩૬૭૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૨૪૦ | ૨૪૩૫ |
| ૬ | બાજરો | ૩૨૫ | ૪૬૫ |
| ૭ | જુવાર | ૧૩૪૦ | ૧૪૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૫ | ૫૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૭૦ | ૧૩૦૫ |
| ૧૧ | તુવેર | ૧૨૯૦ | ૧૫૫૦ |
| ૧૨ | કપાસ | ૮૦૦ | ૨૦૫૦ |
| ૧૩ | એરંડા | ૧૨૩૦ | ૧૪૦૫ |
| ૧૪ | જીરૂ | ૩૫૩૦ | ૩૬૨૦ |
| ૧૫ | ધાણી | ૧૪૩૦ | ૨૯૦૦ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૪૦૦ |

## અવસાન નોંધ

**બાબરા :** ઠા. વસંતરાય રમણીકલાલ ભુપતાણી (ઉ.વ. ૭૩) તેઓ સંજયભાઈ, પંકજભાઈ, અલ્પેશભાઈના પિતા તથા સ્વ. ઠા. બાબુલાલ વનમાળીદાસ સાગલાણી–બગસરાનાં જમાઈ તથા સ્વ. કિશોરભાઈ તથા અજયભાઈ–રાજકોટનાં બનેવીનું તા. ૧૬/૯/૨૬નાં અવસાન થયું છે. તેમનું ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી તા. ૧૮/૯/૨૬ને શુક્રવારનાં સાંજે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી, બાબરા ખાતે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં હડાળાનાં ખેડૂતને

(શિષ્ન) ના ફોટો તેમની જાણ બહાર પાડી લઈ અને તેના પ્રાઈવેટ પાર્ટ (શિષ્ન) ના ફોટો વાયરલ કરવાની ધમકી આપી ખેડૂત પાસેથી બે આરોપીઓએ ઓનલાઈન તથા આંગડીયા મારફતે બળજબરીપુર્વક કુલ રૂપિયા ૧૬,૩૦,૧૧૦ પાસેથી મેળવી લીધેલ તેમજ ત્રીજા આરોપીએ ખેડૂતને વોટ્સએપ ટેકસ્ટ મેસેજમાં ગાળો આપી હાથપગ ભાંગી નાખવાની ધમકી આપી બળજબરીપુર્વક રૂપિયાની માંગણી કરી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટ (શિષ્ન) ના ફોટો વાયરલ કરી ગુન્હો કરતા ખેડૂતે આ ત્રણેય આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે અમરેલી એલ.સી.બી. ટીમે આ બનાવ અંગે તપાસ હાથ ધરી એક આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

બગસરા તાલુકાના હડાળા ગામના વતની અને હાલ સુરત ખાતે મોટા વરાછા ગ્લોસમ હોમ ખાતે રહેતા આરોપી પ્રતિકભાઈ પરશોતમભાઈ પાઘડાળ નામના આરોપીએ એક મહિલા સહિતના આરોપી સાથે મળી એકસંપ કરી કાવતરૂ રચી, અમરેલીમાં રહેતી નીલમ કાકડીયા નામની મહિલા આરોપીએ વોટ્સએપ એપ્લીકેશન મારફતે બગસરા તાલુકાના હડાળા ગામે રહેતા દિપકભાઈ મનસુખભાઈ બોરડ નામના ખેડૂતનો સંપર્ક કેળવી ખેડૂત સાથે પ્રેમભરી વાતો કરી અને તેમને લલચાવી ફોસલાવી વિડીયો કોલ મારફતે ખેડૂતના ફોટા મેળવી લઈ આ ફોટા વાયરલ કરવાની ધાક ધમકી આપી અલગ અલગ સમયે આંગડીયા મારફતે તથા અલગ અલગ બેન્ક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરાવડાવી કુલ રૂા. ૧૬,૩૦,૧૧૦ની રકમ બળ જબરીપુર્વક કઢાવી લઈ અને ફોનમાં મેસેજથી ગાળો આપી, ધમકી આપી ગુનો કરેલ હોય. જે અંગે ખેડૂતે એક મહિલા સહિત ત્રણ આરોપીઓ સામે બગસરા પોલીસમાં ફરીયાદ નોંધાવેલ હતી.

આ બનાવ અંગે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સૂચના આપેલ હતી. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે આ બનાવ અંગે તપાસ હાથ ધરી બગસરા તાલુકાના હડાળા ગામના વતની અને હાલ સુરત ખાતે મોટા વરાછા ગ્લોસમ હોમ ખાતે રહેતા આરોપી પ્રતિકભાઈ પરશોતમભાઈ પાઘડાળ નામના આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) ચંદ્રાબેન મનુભાઈ બસીયા** રહે. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા શ્રીજીનગર

રે. સર્વે.નં. ૭૦૫ — સીટી સર્વે નં. ૭૦૫/એન/૬૧

બીનખેતી પ્લોટ નં. ૬૧ — જેના ચો.મી. ૧૧૬–૫૫

રજીસ્ટર્ડ બાનાખત અનુક્રમ નં. ૧૪૮૫ — તારીખ : ૧૧/૦૯/૨૦૨૬

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ દિવ્યાબેન અનકભાઈ ગીડા રહે. બાબરાવાળા પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજીસ્ટર્ડ બાનાખત કરાવેલ છે. દિવ્યાબેન અનકભાઈ ગીડાએ ઉપરોકત મિલ્કત (૧) મંજુબેન વિરજીભાઈ દેસાઈ (૨) માધાભાઈ વિરજીભાઈ દેસાઈ (૩) લીલાબેન વિરજીભાઈ દેસાઈ (૪) દેવજીભાઈ વિરજીભાઈ દેસાઈનાં કુલમુખત્યાર તથા જાતે દામજીભાઈ વિરજીભાઈ દેસાઈ રહે. બાબરાવાળા પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૨૯૮ તા. ૧૪/૦૩/૨૦૧૪નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૫/૦૧/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૦૯/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૯૪૩ | ૨૦૫૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૩ | ૫૪૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૫ | ચણા | ૧૧૮૦ | ૧૨૦૦ |
| ૬ | સોયાબીન | ૧૦૫૬ | ૧૦૮૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૩૧ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૦૮ |
| ૪ | કપાસ | ૧૮૫૦ | ૨૦૩૧ |
| ૫ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ૮ | ચણા | ૧૧૫૦ | ૧૨૭૦ |
| ૯ | તુવેર | ૧૩૫૦ | ૧૫૨૦ |
| ૧૦ | એરંડી | ૧૩૫૦ | ૧૪૫૦ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા માર્કેટયાર્ડની ચૂંટણીમાં

આવી હતી.

માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં નવા અને યુવા ચહેરાઓને તક આપવામાં આવતા આ વખતે ચૂંટણીનું ચિત્ર અગાઉની સરખામણીએ વધુ રસપ્રદ બન્યું છે. ભાજપની સેન્સ પ્રક્રિયા બાદ જાહેર કરાયેલા ઉમેદવારો હવે પક્ષના મેન્ડેટ સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

જાહેર કરાયેલા ચૂંટણી કાર્યક્રમ મુજબ ૧૬ સપ્ટેમ્બરે ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ, ૧૭ સપ્ટેમ્બરે ફોર્મની ચકાસણી, ૨૧ સપ્ટેમ્બરે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ, ૨૮ સપ્ટેમ્બરે મતદાન અને ૨૯ સપ્ટેમ્બરે મતગણતરી યોજાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જિલ્લા રજિસ્ટ્રારનાં માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી રહી છે.

આમ, બાબરા માર્કેટિંગ યાર્ડની ૧૪ બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં એક તરફ લાંબા સમયથી યાર્ડની રાજનીતિમાં રહેલા અને નવા તેમજ પક્ષનાં વફાદાર અગ્રણીઓ ભાજપનાં મેન્ડેટ સાથે નવા અને યુવા ચહેરાઓ મેદાનમાં ઉતર્યા હોવાથી આગામી દિવસોમાં ચૂંટણીનો માહોલ વધુ ગરમાવાની શકયતા જોવા મળી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

નાં સવારનાં આશરે ૧૧ વાગ્યાથી ૧૨:૪૫ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે આંબરડી ગામે ભુપતભાઈ વીરજીભાઈ ગજેરાની વાડીએ કોઈપણ કારણોસર ઝટકા મશીનના વાયરનો ઈલેકટ્રીક શોક લાગવાથી બંનેના મોત નિપજતા બનાવ અંગે દામનગર પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

બીજા બનાવમાં અમરેલીના લાઠી રોડ ઉપર આગવેલ એસ.ટી. ડીવીઝન પાછળ જસોદાનગરમાં રહેતા ક્રિષ્નાબેન નનકુભાઈ બોરીચા નામની ૨૧ વર્ષિય પરિણીતાએ ગત તા. ૧૪નાં રોજ સાંજે ૬ થી ૭ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણસર પોતે પોતાની મેળે ઘરે પંખાના હુંકમાં સાડી વાટે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ ધ્વારા બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના આસોદર ગામે દુલાભાઈ વઘાસીયાની વાડીએ રહેતી જેતાબેન અંતરભાઈ મીનામાં નામની ૧૦ વર્ષિય કિશોરી ગત તા. ૧૫નાં બપોરના ચારેક વાગ્યા દરમિયાન આસોદર ગામે વાડીએ આવેલ કોઈ કારણોસર તળાવના પાણીમાં પડી જતાં પાણીમાં ડૂબી જતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) શિવરાજભાઈ બાલુભાઈ ધાધલ** રહે. સીતાપરવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા સ્વામિનારાયણનગર

રે. સર્વે.નં. ૭૦૦/૧ પૈકી ૧ — બીનખેતી પ્લોટ નં. ૪

જેના ચો.મી. ૭૪–૧૧

રજી. દસ્તાવેજ નં. ૧૨૮૮ — તારીખ : ૧૧/૦૮/૨૦૨૬

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ દિનેશભાઈ જોરૂભાઈ ધાધલ રહે. બાબરાવાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. દિનેશભાઈ જોરૂભાઈ ધાધલે ઉપરોકત મિલ્કત (૧) ઈલ્યાસભાઈ અકબરભાઈ ગાંગાણી (૨) કુલસુમબેન અકબરભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે (૩) સલીમભાઈ અકબરભાઈ ગાંગાણી તેમજ (૪) નસીમબેન રમજાનભાઈ ગાંગાણી (૫) શાયરાબેન રમજાનભાઈ ગાંગાણી (૬) સુરૈયાબેન રમજાનભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે (૭) આદિલભાઈ રમજાનભાઈ ગાંગાણી રહે. બાબરાવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૫૮૯ તા. ૨૬/૦૫/૨૦૨૧નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનાં કુલમુખત્યારનામાં તા. ૨૨/૫/૨૦૨૦ તથા તા. ૨૬/૦૫/૨૦૨૦નાં રોજ આપવામાં આવેલ હતા. જે કુલમુખત્યારનામાં સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૦૯/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૮૫૦ | ૨૦૬૪ |
| ૨ | કપાસ કોડી | ૧૪૪૦ | ૧૭૫૧ |
| ૩ | જીરૂ | ૩૦૫૦ | ૩૮૫૦ |
| ૪ | ચણા | ૧૧૪૦ | ૧૨૨૦ |
| ૫ | ઘઉં | ૫૩૫ | ૫૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૨૦ | ૧૯૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૪ | ૫૭૦ |
| ૩ | ધાણા | ૨૮૨૦ | ૨૮૨૦ |
| ૪ | એરંડા | ૧૩૧૦ | ૧૩૭૦ |
| ૫ | કલોંજી | ૩૮૫૧ | ૩૮૫૧ |
| ૬ | તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૭ | વાલ | ૭૫૧ | ૭૫૧ |
| ૮ | સોયાબીન | ૧૧૦૧ | ૧૧૦૧ |




### ૧૨ નવા ચહેરાઓને તક આપવામાં આવી

# અરે વાહ : બાબરા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપે મેન્ડેટ સાથે ૧૪ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા

## ભાજપ પ્રભારીએ તમામ ઉમેદવારો સાથે બેઠક યોજી

બાબરા, તા. ૧૬

બાબરા માર્કેટિંગ યાર્ડની આગામી ચૂંટણીને લઈ રાજકીય અને સહકારી ક્ષેત્રે ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપનાં નવા અને યુવા અગ્રણીઓ મેદાનમાં ઉતરતાં ચૂંટણીમાં રસાકસીનો માહોલ સર્જાયો છે. ભાજપ દ્વારા અગાઉ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં વિવિધ દાવેદારોએ પોતાની ઉમેદવારી રજૂ કરી હતી.

બાબરા માર્કેટિંગ યાર્ડમાં કુલ ૧૪ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે, જેમાં ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ બેઠકોનો સમાવેશ થાય છે. ભાજપ દ્વારા કુલ ૧૪ બેઠકો માટે ઉમેદવારોનાં નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ૧૨ નવા ચહેરાઓ તેમજ વર્તમાન ચેરમેન સહિત અન્ય એક ડિરેકટરને મેન્ડેટ આપવામાં આવ્યો છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ સંદર્ભે બાબરા શહેર ભાજપ પ્રભારી અનિલભાઈ વેકરિયા દ્વારા તમામ ભાજપ પ્રેરિત ઉમેદવારો સાથે તાલુકા પંચાયત ખાતે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં તાલુકા તથા જિલ્લાનાં ભાજપનાં અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઉમેદવારોને પક્ષ તરફથી મેન્ડેટ સોંપવામાં આવ્યા હતા. સાથે જ મેન્ડેટ ધરાવતા ઉમેદવારોની યાદી ચૂંટણી અધિકારીને પણ સોંપવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### હનુમાનપરાથી બાયપાસ સુધીનો માર્ગ બનતો હોવાથી

# અમરેલીના મોહનગર, પ્રગતિનગરનાં રહેવાસીઓ ભારે વાહનોની અવર-જવરથી પરેશાન

## રહેણાંક વિસ્તારનો માર્ગ બિસ્માર બની ગયો



અમરેલી, તા. ૧૬

હનુમાન પરાથી બાયપાસ સુધીનો રોડ સમારકામ થતો હોવાથી જીઆઈડીસીમાંથી નીકળતા ઓવરલોડેડ અને ઓવર વેઈટ ટ્રકોને મોહનનગર, પ્રગતિનગર અને ઓમ નગર ૩ માંથી ડાઈવર્જન આપેલ હતુ, જે ને લિધે સોસાયટીના રસ્તા ઓ બેસી ગયા છે અને તુટી ગયા છે. રસ્તાઓ ઉપર ખાડા પડી ગયા છે.ખાડાઓમા વરસાદી પાણી ભરાતા ગંદગી ફેલાય છે અને મચ્છરનો ઉપદ્રવ વધી ગયો છે. આ ઉપરાંત ખાડાઓ મા વરસાદી પાણી ભરાતા પાણી જમીન મા ઉતરતા રોડની જમીન વધારે બેસતી જાય છે અને ખાડા નુ સ્વરૂપ મોટુ થાતુ જાય છે. સ્થાનીક કોર્પોરેટર અને નગરપાલીકાને રજુઆત કરેલી હોવા છતા આજ દિન સુધી કોઇ પગલા લેવામા આવ્યા નથી જે ને લિધે સોસાયટી ના રહિશો છેલ્લા બે માસથી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તાત્કાલિક આ રસ્તાને કાયમી કે અસ્થાઇ લેવલ કરીને રીપેર કરવામા આવે તેવી સોસાયટી ના રહિશોની માંગ છે.

### કિશોર, તરૂણી, યુવક અને પરિણીતાનું મોત

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૪ બનાવો નોંધાયા

## અમરેલી, આંબરડી અને આસોદરનો બનાવ

અમરેલી, તા. ૧૬

દાહોદ પંથકનાં વતની અને હાલ લાઠી તાલુકાના આંબરડી ગામે આવેલ અશોકભાઈ મનુભાઈ પાવરાની વાડીએ રહેતા રાજુભાઈ કચરાભાઈ ભાભોર નામના ૨૧ વર્ષિય યુવક તથા લક્ષ્મીબહેન કચરાભાઈ ભાભોર નામની ૧૬ વર્ષિય તરૂણીને ગત તા. ૧૫

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# બગસરાનાં હડાળાનાં ખેડૂતને હનીટ્રેપમાં ફસાવવાનાં ગુન્હામાં એક આરોપીની અટકાયત

## અન્ય એક મહિલા સહિત ૨ આરોપીની શોધખોળ શરૂ



અમરેલી, તા. ૧૬

અમરેલી ખાતે રહેતી એક મહિલા સહિત ત્રણ આરોપીઓએ કાવતરૂ કરી અને સમાન ઈરાદો પાર પાડવા માટે બગસરા તાલુકાના હડાળા ગામે રહેતા એક ખેડૂતનો વોટ્સએપ એપ્લીકેશન મારફતે સંપર્ક કરી છેલ્લા એક વર્ષ દરમિયાન આ ખેડૂત સાથે પ્રેમભરી અને મીઠી મીઠી વાતો કરી આરોપીઓએ ખેડૂતને વિડીયો કોલમાં નગ્ન થવાનું કહી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટ

અનુસંધાન પાના ૬ ઉપર






















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)